સ્પે.દિ.મુ.નં–૧૪૯/૨૦૧૩.

<u>–: આંક–૩૧ લગત હુકમ :–</u>

(૧.૦) હાલની અરજી પ્રતિવાદી નં.૮ થી ૧૧ તર્ફે સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧ મુજબ વાદીનો દાવો રદ કરવા માટે દાખલ કરેલી છે. તે અરજી સંબંધે વાદી તર્ફે લેખિત જવાબ રજુ કરવામાં આવેલો છે. તે વંચાણે લીધો, દાવાનું રેકર્ડ વંચાણે લીધું, ઉભયપક્ષ તર્ફે દલીલો સાંભળી.

(૨.૦) અરજીની ટુંકમાં વિગત :

(૨.૧) હાલની અરજી જે કારણોસર દાખલ કરવામાં આવેલી છે તેમાં મુખ્યત્વે પ્રતિવાદી ઓની તકરાર એવી છે કે લખુભાઈ છનીચાભાઈ તા.૨૮/૧૦/૨૦૦૧ નાં રોજ મૃત્યુ પામેલા છે. લખુભાઈને વડીલોપાર્જીત મિલકત પ્રાપ્ત થઈ નથી. પરંતુ સોનાબેનની સ્વતંત્ર મિલકત વારસાઈથી પ્રાપ્ત થયેલી છે. અને સોનાબેનનાં મૃત્યુ બાદ લખુભાઈ એકમાત્ર સીધીલીટીનાં વારસદાર હતાં, તેથી વાદીનાં દાવાને હિન્દુ વારસા અધિનિયમની કલમ ૪, ૬ અને ૮ નો બાધ નડે છે તેથી દાવો રદ કરવો જોઈએ.

(૨.૨) વધુમાં પ્રતિવાદીની તકરાર એવી છે કે, તા.૫/૯/૨૦૦૧ નાં રોજ અને તારીખ. ૮/૭/૨૦૦૫ નાં રોજ સબરજીસ્ટ્રાર કચેરીમાં વેચાણ દસ્તાવેજો નોંધાયા છે તે વાદીને ડીમ્ડ નોટીસ ગણાય. અને ત્રણ વર્ષની સમય મર્યાદામાં વેચાણ દસ્તાવેજને ચેલેન્જ કરેલા નથી તેથી લીમીટેશન એકટનાં આર્ટીકલ ૫૯ નો બાધ નડે છે તેથી દાવો રદ થવા પાત્ર છે.

(૨.૩) વધુમાં પ્રતિવાદીઓએ એવી રજુઆત કરેલી છે કે વાદીએ હાલનો દાવો રૂપિયા. ૮,૧૦,૦૦૦/– નો આંક બાંધીને દાખલ કરેલો છે. ખરેખ વેચાણ દસ્તાવેજની કુલ રકમ રૂપિયા ૧૯,૦૦,૦૦૦/– જેટલી છે, જેથી પુરતો કોર્ટ ફી સ્ટેમ્પ ભર્યા વિના દાવો દાખલ કરેલો છે તેથી દાવો રદ થવા પાત્ર છે.

(૨.૪) વધુમાં પ્રતિવાદીઓ તરફે દાવો રદ કરવા માટે એવું કારણ બતાવ્યુ છે કે અગાઉ વાદી નં.૨ એ સ્પે.દિ.મુ.નં.૧૭૯/૨૦૧૦ નો દાવો દાખલ કરેલો, તેમાં અત્યારનાં વાદી નં.૧

છે તે સ્પે.દિ.મુ.નં.૧૭૯/૨૦૧૦ નાં દાવામાં પ્રતિવાદી નં.૪ હતાં. અગાઉનાં દાવાનાં પક્ષકારો અને દાવાનું કારણ, જમીનની વિગતો, માંગેલી દાદ એકસરખી જ છે. તેથી હાલનાં દાવાને રેસ જયુડીકેટાનો બાધ નડે છે, તેથી દાવો રદ થવા પાત્ર છે.

આમ, ઉપરોકત જણાવેલા કારણોસર વાદીનો દાવો રદ કરવાની પ્રતિવાદીઓ તરફે માંગણી છે અને તે મુજબ જ દલીલો કરવામાં આવેલી છે.

(૩.૦) પ્રતિવાદીઓ તરફે અરજીનાં સમર્થનમાં વિ.વકીલશ્રી બનાતવાલાએ રજુઆત કરતાં જણાવ્યુ છે કે હાલની અરજીમાં જે ચાર કારણો જણાવેલા છે તે કારણોસર દાવો રદ થવા પાત્ર છે. કારણ કે દાવાવાળી મિલકત સોનાબેનની સ્વતંત્ર માલિકીની છે, વડીલોપાર્જીત નથી. અને તેથી વાદીનું સકસેશન હિન્દુ વારસા અધિનિયમની જોગવાઈ મુજબ ખુલતું નથી. વધુમાં એવી પણ દલીલ કરવામાં આવેલી છે કે વાદીએ અપુરતો સ્ટેમ્પ ભરેલો છે. કારણ કે દાવાવાળી મિલકત ૨૦૦૧ ની સાલમાં ૮,૧૦,૦૦૦/– નાં અવેજથી પ્રથમ વેચાય ચુકેલી હતી. અને ત્યાર પછી ૨૦૦૫ ની સાલમાં અલગ અલગ વેચાણ દસ્તાવેજો ધ્વારા દાવાવાળી મિલકત વેચાણ કરી દેવામાં આવેલી છે. છતાં પણ વાદીએ દાવાનો આંક ખોટો બાંધેલો છે. તેથી દાવો રદ થવા પાત્ર છે. અગાઉ સ્પે.દિ.મુ.નં.૧૭૯/૨૦૧૦ નાં દાવાનાં આજ પક્ષકારો વચ્ચે આજ કારણોસર દાખલ કરવામાં આવેલો હતો. છતાં પણ ફરીથી હાલનો દાવો દાખલ કરેલો છે. અને અગાઉ થયેલો દાવો સ્પે.દિ.મુ.નં.૧૭૯/૨૦૧૦ ડીસમીસ કરી દેવામાં આવેલો છે. તેથી વાદીનાં દાવાને રેસ જયુડીકેટાનો બાધ નડે છે. લખુભાઈએ દાવાવાળી મિલકત તેમની હયાતીમાં જ વેચી દીધી છે, તેથી પણ આ દાવો દાખલ કરવાનું કોઈ કારણ વાદી પાસે નથી તેવી રજુઆત કરીને નીચે મુજબનાં ચુકાદાઓ ઉપર આધાર રાખેલો છે.

1. 2008 (1) C.L.J. 476
   Saroj Vs. Chinnusamy by Lrs. And Ors.
2. 2009 (3) S.C.C. 273
   Kopargaon S.S.K. Ltd. Vs. State of Maharashtra and Ors.
3. 2009 (3) S.B.R. 161
   Harbans Singh and Ors. Vs. Sant Hari Singh and Ors.

4. 2013 (1) G.L.R. 398
   Becharbhai Zaverbhai Patel and Anr. Vs. Shivabhai Patel and Ors.
5. 2013 (1) G.L.R. 51
   Kanjibhai Bhagwanjibhai Patel Vs. Nanduben Shamjibhai Sorathiya Through P.O.A. Dharmesh P. Trivedi
6. A.I.R. 2012 Andhra Pradesh 17
   Chiranjeeva Rao Vs. Busi Rao
7. 2012 (8) S.C.C. 706
   Society represented by ITS Chairman Vs. Ponniamman Educational Trust
8. 2012 (7) S.C.C. 738
   A . Nawab Johan and Ors. Vs. V.N. Subramaniyam
9. A.I.R. 1992 Delhi 118

(૪.૦) વાદી નં.૧ તરફે વિ.વકીલશ્રી રાજપુતની દલીલ સાંભળી છે. તેમની રજુઆત એવી છે કે પ્રતિવાદીની અરજી ખર્ચ સહિત નામંજુર કરવા પાત્ર છે. કારણ કે સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧ મુજબ દાવાનું કારણ જણાવ્યુ હોય તેટલું પુરતુ છે. તે કારણ સાચુ છે કે ખોટું તે પુરાવાનો વિષય છે. વધુમાં રેસ જયુડીકેટાનો પણ કોઈ પ્રશ્ન રહેતો નથી. કારણ કે અગાઉ દાખલ કરવામાં આવેલો દાવો ડીસમીસ કરવામાં આવેલો છે. ગુણદોષ ઉપર નિર્ણય કરવામાં આવેલ નથી. જે તકરારનો નિર્ણય ગુણદોષ ઉપર થયેલો ન હોય તો તે દાવાને રેસ જયુડીકેટાનો બાધ નડી શકે નહિં. ટાઈટલની બાબત પુરાવો રજુ થયા પછી જ નકકી થઈ શકે, અત્યારે દાવામાં ટાઈટલનાં આધારે વાદીનો દાવો રદ કરી શકાય નહિં.

વધુમાં એવી પણ દલીલ કરવામાં આવેલી છે કે લીમીટેશનનો મુદો એ સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧(ડી) માં પડતો નથી, તેથી પણ દાવો રદ થવા પાત્ર નથી. અને પ્રતિવાદીની અરજી ખર્ચ સહિત નામંજુર કરવા વિનંતી કરેલી છે.

(૫.૦) આ દાવાનાં વાદી નં.૨ તરફે વિ.વકીલશ્રી મુકેશ પટેલે આંક–૬૪ થી લેખિત દલીલો રજુ કરેલી છે. અને એવી રજુઆત કરેલી છે કે લીમીટેશનનો મુદ્દો એ કાયદો અને હકિકત એ બંને ઉપર આધાર રાખતો મુદ્દો છે અને તેથી પુરાવા લીધા પછી જ નકકી થઈ શકે. જયાં સુધી

દસ્તાવેજને લીમીટેશન એકટની જોગવાઈઓનો બાધ નડે છે તેવી પ્રતિવાદીની જે રજુઆત ને સંબંધ છે ત્યાં સુધી જયારથી વેચાણ દસ્તાવેજની જાણ થાય ત્યારથી જ લીમીટેશન શરૂ થાય છે. દાવો કરવાનું કારણ વાદીએ દાવા અરજીમાં જણાવ્યુ છે તે મુજબ ગામ નમુના નં.૬ અને ૭/૧૨ નું રેકર્ડ તા.૩૦/૮/૧૨ નાં રોજ મળેલું છે. દસ્તાવેજની સહી સિકકાવાળી નકલો તા.૨૪/૧/૨૦૧૩ નાં રોજ મળેલી છે તેથી આર્ટીકલ ૫૯ નો બાધ વાદીનાં દાવાને નડતો નથી. વધુમાં વાદીનું કહેવું એમ છે કે કાયદેસરનો કોર્ટ ફી સ્ટેમ્પ વાદીએ ભરપાઈ કરેલો જ છે. તેથી તેવો પણ કોઈ બાધ દાવાને નડતો નથી. હાલનો દાવો વાદી નં.૧ અને ૨ એ ભેગા કરેલો છે. અગાઉનો દાવો બંને વાદીઓએ ભેગા દાખલ કરેલો ન હતો, તેથી રેસ જયુડીકેટાનો કોઈ બાધ નડે છે તેમ કહી શકાય નહિ. જે ટ્રાન્ઝેકશન જ ગેરકાયદેસરનું હોય તેને રદબાતલ ઠરાવવા માટે ગમે તેટલો સમય વિતેલો હોય તો પણ સમય મર્યાદાનો બાધ નડતો નથી. સમય મર્યાદા માટે કોઈ પ્રાથમિક મુદ્દાની અરજી પ્રતિવાદી તરફે રજુ થયેલી નથી. સમય મર્યાદાનો પ્રશ્ન અલગ મુદ્દા તરીકે જ નકકી કરવો પડે. પ્રતિવાદીએ લીધેલી તકરારો સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧ ની અરજી નકકી કરતી વખતે ધ્યાન પર લઈ શકાય નહિં. તેથી પ્રતિવાદીની અરજી ખર્ચ સહિત નામંજુર કરવા વિનંતી કરેલી છે. તેમની દલીલનાં સમર્થનમાં નીચે મુજબનાં ચુકાદા ઉપર આધાર રાખેલો છે.

1. (2008) 12 Supreme Court Cases 661
   Kamla and Ors. Vs. K.T. Eshwarasa and Ors.
2. (2006) 5 Supreme Court Cases 658
   Balasaria Construction (P) Ltd. Vs. Hanuman Seva Trust and Ors.
3. (2007) 14 Supreme Court Cases 183
   C . Natrajan Vs. Ashim Bai and Anr.
4. (2007) 10 Supreme Court Cases 59
   Ram Prakash Gupta Vs. Rajiv Kumar Gupta and Ors.
5. (2005) 3 G.L.H 385
   Himanshu Madanlal Shal Vs. Dr. B.M. Poojari

6. (2006) 0 GLHEL-SC 37520
   Ramesh B. Desai Vs. Bipin Vadilal Mehta
7. AIR 2014 Supreme Court 1476
   Surjit Kaur Gill and Anr Vs. Adarsh Kaur Gill and Anr.
8. (2005) 7 Supreme Court Cases 510
   Popat and Kotecha Property Vs. State Bank of India Staf Association
9. 2015 SCC Online Sc 751
   Vaish Aggarwal Panchayat Vs. Inder Kumar and Ors.
10. (1993) 3 Supreme Court Cases 267
    D . Ramchandran Vs. R.V. Janakiraman and Ors.
11. 1998 Law Suit(Kar) 732
    Seenappa Vs. Subbaiah
12. (2008) 2 G.L.H. 621
    Williams Vs. Lourdusamy and Anr.
13. AIR 2008 Supreme Court 3174
    Kamala and Ors. Vs. K.T. Eshwara Sa and Ors.
14. 2012 Lawsuit (Raj.) 918
    Ranjithmal Chordiya Vs. Shivram Singh And Anr.
15. 32011 Lawsuit (Mad.) 2371
    C M Dhinakaran @ Suresh Vs. Annapoorna
16. 2007 Lawsuit (SC) 1112
    C Natrajan Vs. Ashim Bai

ઉપરોકત ચુકાદાઓ માનસહિત વંચાણે લીધા છે અને જરૂર જણાય ત્યાં તેનો ઉલ્લેખ કરેલો છે.

(૬.૦) :: કારણો ::

(૬.૧) પ્રતિવાદી તર્ફે જે મુખ્ય ચાર મુદ્દા અંગે અરજી દાખલ કરેલી છે તેની ચર્ચા આગળ વધારતા પહેલા એ નોંધીએ છીએ કે જયારે કોઝ ઓફ એકશન છે કે કેમ? તે બાબતનો વાંધો

ઉઠાવીને સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ –૧૧ મુજબની અરજી રજુ થયેલી છે ત્યારે વાદીનું પ્લીડીંગ અને વાદીએ રજુ કરેલા પુરાવા ઉપર આધાર રાખીને કરવાનો હોય છે. તથા જયારે કોઝ ઓફ એકશન છે કે કેમ? તે વિચારવાનું હોય ત્યારે કોઝ ઓફ એકશન બંડલ ઓફ ફેકટસ તથા સુસંગત હકિકતો જ દાવામાં રજુ થયેલી હોય તે તમામ વિચારણામાં લઈને ડીરાઈવ કરવાનું હોય છે. કારણ કે પક્ષકારો તેનાં ધારાશાસ્ત્રીઓ ધ્વારા કલેવર ડ્રાફટીંગ કરાવીને દાવો દાખલ કરેલો હોય તો, ત્યારે કાયદાનો બાધ નડે તેવો મુદૃો સામે ચાલીને કોઈ ન લખે. તેમ છતાં રજુ થયેલા દસ્તાવેજી આધાર પરથી સમગ્રપણે વિચારતા જો દાવો કરવાનું કારણ રહેતું હોય તો તેવા સંજોગોમાં દાવાને કોઝ ઓફ એકશન કે કાયદાનો બાધ નડે છે તેવું ઠરાવી શકાય નહિં.

અહિં હાથ ઉપરનાં કેસમાં વાદીનું પ્લીડીંગ એવું છે કે દાવાવાળી મિલકત મુળ રામજીભાઈની હતી અને ૧૯૪૦ માં થયેલા વીલનાં આધારે તેમાં ધનુબેનનું નામ દાખલ થયેલું અને ત્યારબાદ સોનાબેનનું નામ પણ સહમાલિક તરીકે સામાયિક ભાગીદારીમાં દાખલ થયેલું. ત્યારબાદ રેવન્યુ રેકર્ડમાં સોનાબેન દાવાવાળી મોજે રૂંઢ ગામનાં બ્લોક નં.૪૭ પૈકી ર વાળી કુલ મિલકત પૈકી ચાર એકર જમીનનાં માલિક થયેલા અને ધનુબેન ૪ એકર ૧૪ ગુંઠાનાં માલિક થયેલા. લખુભાઈ છનીયાભાઈ એ સોનાબેનનાં પુત્ર છે. સોનાબેનનાં અન્ય બે વારસદારો જમનાબેન અને ડહયાભાઈ હતાં. જે અપરણિત મૃત્યુ પામેલા છે. અને લખુભાઈ તા.૨૮/૧૦/૦૧ નાં રોજ બિનવસીયતે મૃત્યુ પામતા તેની સીધીલીટીનાં વારસદાર તરીકે પ્રતિવાદી નં.૧ ચંપાબેન અને પ્રતિવાદી નં.ર ચંચુબેન, પ્રતિવાદી નં.૬ હસમુખભાઈ અને સુખીબેન હતાં. સુખીબેન તારીખ. ૧૮/૩/૧૯૮૮ નાં રોજ મૃત્યુ પામેલા છે. અને તેનાં સીધીલીટીનાં વારસદાર વાદી નં.ર ભારતીબેન છે. તથા વાદી નં.૧ નાં પતિ શશીકાંતભાઈ છે. જે શશીકાંતભાઈ પણ તારીખ. ૧૯/૧૧/૨૦૦૮ નાં રોજ મૃત્યુ પામેલા છે. અને તેનાં વારસદાર વાદી નં.૧ છે.

(૬.૨) વધુમાં વાદીનો કેસ એવો છે કે લખુભાઈ છનીયાભાઈની વડીલોપાર્જીત મિલકત છે તેની વહેંચણ થઈ નથી અને તેથી વાદીઓનો પણ વણવહેંચાયેલો હિસ્સો છે. લખુભાઈ છનીયાભાઈ અને પ્રતિવાદી નં.૧ થી પ નાએ બનાવટી કુલમુખત્યારનાં આધારે પ્રતિવાદી નં.૭ ને રૂા.૮,૧૦,૦૦૦/– જેટલી નજીવી વેચાણ અવેજથી દાવાવાળી મિલકત તબદીલ કરી

દીધેલી છે. આવો કોઈપણ અવેજ વાદીઓને મળ્યો નથી કે વાદીઓએ દસ્તાવેજ કરી આપ્યા નથી. જે ગેરકાયદેસર રીતે કુલમુખત્યારનામાનાં આધારે તબદીલ કરવામાં આવેલી છે. દાવાવાળી મિલકત મિલકતને ટુકડા ધારાનો બાધ નડતો હોવા છતાં ટુકડા સ્વરૂપે વેચવામાં આવેલી છે, જે પણ ગેરકાયદેસરનું કૃત્ય છે. વાદીની જાણ બહાર પ્રતિવાદી નં.૭ ને થયેલું વેચાણ અને પ્રતિવાદી નં.૭ એ પ્રતિવાદી નં.૮ થી ૧૧ ને કરેલું વેચાણ નલ એન્ડ વોઈડ છે જેથી પોતાનો હિસ્સો મેળવવા માટે વાદીએ પોતાનો હાલનો દાવો દાખલ કરેલો છે. વાદીનો કેસ એવો છે કે તેમનો ૧/૪ વણવહેંચાયેલો હિસ્સો છે.

(૬.૩) અત્રે ઉલ્લેખનીય છે કે દાવા અરજીમાં વાદીઓ તરફે કોઈપણ ઠેકાણે અગાઉ સ્પે.દિ.મુ.નં.૧૭૯/૨૦૧૦ વાદીઓએ દાખલ કરેલો હતો. તે બાબતે ઉલ્લેખ કર્યો નથી. પરંતુ એ હકિકત પ્રતિવાદીએ આંક-૩૧ ની અરજીમાં જણાવતાં આંક-૩૧ ની અરજીનો જવાબ વાદી નં.૧ અને વાદી નં.૨ ધ્વારા લેખિત સ્વરૂપે જે રજુ થયેલો છે તેમાં એવી હકિકતો નકારી નથી કે અગાઉ સ્પે.દિ.મુ.નં.૧૭૯/૨૦૧૦ દાખલ થયેલો હતો. તેથી જે હકિકત વાદીએ સ્પષ્ટ રીતે નકારી નથી અને પ્રતિવાદીએ તેનાં લીસ્ટ ધ્વારા નિશાની ૩૦/૨૫ થી દાવા અરજીની નકલ રજુ કરેલી છે તે વંચાણે લેવામાં આવેલી છે. અને તે દાવા અરજી વંચાણે લેવી હાથ ઉપરનાં કેસમાં ખુબ જ જરૂરી છે. કારણ કે તે સુસંગત હકિકત છે અને તેનાં પરથી દાવો કરવાનું કોઝ ઓફ એકશન છે કે કેમ, તથા દાવાવાળી મિલકતનું સ્ટેટસ નકકી થઈ શકે તેમ છે.

(૬.૪) હાલનાં દાવામાં પેરા નં.૭ માં વાદીએ એવું જણાવ્યુ છે કે તેણે પ્રતિવાદી પાસેથી પોતાનો હિસ્સો છુટો પાડીને આપવા માટે જણાવવા છતાં પ્રતિવાદીએ હિસ્સો આપેલો નથી. અને ત્યારબાદ વાદીએ કાયદાકીય સલાહ મેળવીને તા.૨૪/૧/૨૦૧૩ નાં રોજ રેવન્યુ રેકર્ડનાં દસ્તાવેજોની નકલો કઢાવેલી, ત્યારથી આ દાવો કરવાનું કારણ ઉભું થયું છે. જયારે નિશાની ૩૦/૨૫ થી અગાઉ દાખલ થયેલ દાવા અરજીની નકલ રજુ થયેલી છે તેમાં દાવાનું કારણ પેરા નં.૭ માં લખ્યુ છે અને તેમાં એવું જણાવ્યુ છે કે જમીનનું રેવન્યુ રેકર્ડ તા.૨/૪/૦૯, ૨૦/૬/૦૯ અને ૨૬/૬/૨૦૦૯ નાં અરસામાં કઢાવેલું. અને જુલાઈ-૨૦૦૯ નાં અરસામાં પોતાનો હિસ્સો પ્રતિવાદી પાસેથી માંગેલો તેથી દાવો કરવાનું કારણ ઉભું થયેલું.

હાલનાં દાવાની દાદ અને સ્પે.દિ.મુ.નં.૧૭૯/૨૦૧૦ નાં દાવાની દાદ વંચાણે લેવામાં આવે તો દાદ પણ મહદઅંશે સરખી છે. આ દાવામાં પણ પોતાનો વણવહેંચાયેલો હિસ્સો માંગેલો છે. સ્પે.દિ.મુ.નં.૧૭૯/૨૦૧૦ નાં દાવામાં તા.૫/૯/૨૦૦૧ નાં અરસામાં થયેલ વેચાણ દસ્તાવેજ તથા ૨૦૦૫ ની સાલમાં નોંધાયેલા ચાર વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસરનાં છે અને તેનાં આધારે રેવન્યુ રેકર્ડમાં જે નોંધ પડી છે તે રદ કરવાની માંગણી કરેલી છે, તથા જાથુનો મનાઈ હુકમ મેળવવાની માંગણી છે. અહિં હાલનાં દાવામાં પણ તા.૫/૯/૨૦૦૧ નો વેચાણ દસ્તાવેજ તથા ૨૦૦૫ ની સાલમાં થયેલ વેચાણ દસ્તાવેજો ગેરકાયદેસરનાં નલ અને વોઈડ છે, વાદીને બંધનકર્તા નથી તેવી માંગણી તથા પોતાનો ૧/૪ હિસ્સો છુટો કરી આપે તેવી માંગણી, જાથુના મનાઈની માંગણી કરવામાં આવેલી છે. દાવાનાં પક્ષકારો જોવામાં આવે તો માત્ર એટલો જ તફાવત છે કે હાલનાં દાવામાં કુલ–૨ વાદી છે અને હાલનાં દાવામાં અહિં જે વાદી નં.૧ છે તે સ્પે. દિ.મુ.નં.૧૭૯/૨૦૧૦ નાં દાવામાં પ્રતિવાદી નં.૪ છે.

આમ, એકજ મિલકત સંબંધી અગાઉનાં દાવામાં વાદીએ એવું જણાવ્યુ છે કે જુલાઈ–૨૦૦૯ નાં અરસામાં તેને વેચાણ દસ્તાવેજ થયાની હકિકત અને પોતાનો હકક, હિસ્સો હોવાની જાણ થઈ છે. જયારે અત્યારનાં દાવામાં એવું જણાવે છે જયારે ૨૦૧૩ નાં અરસામાં તેને નકલ કઢાવતાં જાણ થઈ છે. જે બાબત દેખીતી જ ખોટી છે. વધુમાં સ્પે.દિ.મુ. નં.૧૭૯/૨૦૧૦ નાં દાવામાં વાદીનું પ્લીડીંગ એવું છે કે તા.૫/૧/૧૯૪૦ નાં અરસામાં મર્હુમ રામજીભાઈએ વીલ કરેલું અને વીલનાં આધારે દાવાવાળી મિલકત સોનાબેનને પ્રાપ્ત થયેલી. જે રામજીભાઈનાં ચાર દીકરી પૈકીની એક દિકરી હતી. અહિં આ દાવામાં વાદી વીલની કોઈ જ હકિકત ઈરાદા પૂર્વક જણાવવાનું ટાળી રહયા હોય એવું દેખાય છે. હાલનાં દાવામાં વાદીએ એવો કેસ રજુ કરેલો છે કે દાવાવાળી મિલકત વડીલોપાર્જીત છે. જયારે આજ વાદીએ સ્પે.દિ.મુ.નં.૧ ૭૯/૨૦૧૦ નાં દાવા માં સોનાબેન દાવાવાળી મિલકતનાં વીલથી માલિક થયેલા એવું જણાવ્યુ છે. મિલકતનું વડીલો પાર્જીત હોવું અને મિલકત વીલથી પ્રાપ્ત થવી એ બંને ખુબ જ વિરોધાભાસી છે. આ દાવામાં સને ૧૯૪૦ નાં અરસામાં પડેલી નોંધનો ઉલ્લેખ છે. પરંતુ

વીલનો ઉલ્લેખ નથી. મિલકત વડીલોપાર્જીત થવા માટે ઉત્તરોઉત્તર પેઢી દર પેઢી ઉતરતી આવેલી હોય તે જરૂરી છે. હાથ ઉપરનાં કેસમાં આવી કોઈ હકિકત વાદીએ તેનાં પ્લીડીંગમાં બતાવેલી નથી.

ખાસકરીને વાદીને દાવો કરવા માટેનું કારણ પ્રાપ્ત થાય તે માટેનો વાદીનો દાવા વાળી મિકતમાં હકક ઉત્પન્ન થયેલું હોય તેવું પ્રથમદર્શનીય રીતે વાદીએ બતાવવું જરૂરી છે. જો દાવાવાળી મિલકત વડીલોપાર્જીત છે તેવું માનવામાં આવે તો પણ સુખીબેનને એટલે કે વાદીની માતાને દાવાવાળી મિલકતમાં હકક, હિત નિહિત થયેલા હોય તે જરૂરી છે. અહિં વાદીનું જ પ્લીડીંગ એવું છે કે સુખીબેન ૧૯૮૮ ની સાલમાં મૃત્યુ પામેલા છે. અને લખુભાઈએ તેમની હયાતીમાં જ દાવા વાળી મિલકત તબદીલ કરી દીધેલી છે. તેથી જો દાવાવાળી મિલકત એક માત્ર વારસદાર તરીકે લખુભાઈને મળી હોય અને લખુભાઈએ તે મિલકત પોતે જ તબદીલ કરી દીધી હોય તો તેવા સંજોગોમાં સુખીબેનનો દાવાવાળી મિલકતમાં કોઈ હકક કે હિત નિહિત થયેલું ન હતું તેવુ કહી શકાય. અને સુખીબેનનું હકક કે હિત દાવાવાળી મિલકતમાં ઉભું થયેલું ન હોય તો સુખીબેનનાં વારસદારો તેવા હકક કે હિત મેળવી શકે નહિં.

વધુમાં, હાલની દાવા અરજીમાં ૨૦૦૫ ની સાલમાં હિન્દુ વારસા અધિનિયમમાં થયેલા સુધારાની રજુઆત પણ વાદી ધ્વારા કરવામાં આવેલી છે. જયારે ૨૦૦૧ ની સાલમાં જ દાવાવાળી મિલકત તબદીલ થયેલી હોય ત્યારે પુત્રીની કોપાર્સનર તરીકેની વાત ટકી શકે તેમ નથી. હવે જો અગાઉ સ્પે.દિ.મુ.નં.૧૭૯/૨૦૧૦ નાં દાવામાં વાદીનું જે પ્લીડીંગ હતું તેને નજર સમક્ષ રાખીને દાવાનું કારણ વિચારવામાં આવે તો સોનાબેનને વીલથી પ્રાપ્ત થયેલી મિલકત છે. અને સોનાબેનનાં એક માત્ર વારસદાર તરીકે લખુભાઈને સોનાબેનનાં મૃત્યુ પછી આ મિલકત પ્રાપ્ત થઈ છે. અને લખુભાઈએ તેની હયાતીમાં જ દાવાવાળી મિલકત તબદીલ કરી દીધેલી છે. તેથી લખુભાઈની પુત્રી તરીકે સુખીબેનનું સકસેશન ઓપન થતું જ નથી. અને જો સકસેશન જ ઓપન ન થતું હોય તો સુખીબેનનાં વારસદારોનો દાવાવાળી મિલકતમાં કોઈ હકક કે અધિકાર પ્રસ્થાપિત થતો નથી. અને તેથી પણ વાદીને દાવો કરવાનું કોઈ કારણ પ્રાપ્ત થાય છે તેવું કહી શકાય નહિં. કારણ કે સોનાબેનનાં મૃત્યુ પછી કલાસ-I નાં વારસોમાં જ

મિલકત સ્થાપિત થાય. સુખીબેન કલાસ– II માં પડે છે. તેથી પણ સુખીબેનમાં દાવાવાળી મિલકતનું હિત નિહિત થયું નથી.

(૬.૫) હિન્દુ વારસા અધિનિયમની કલમ ૧૫ ની જોગવાઈ સકસેશન બાબતે જોવામાં આવે તો સોનાબેનનાં મૃત્યુ પછી મિલકતનું સકસેશન માત્ર લખુભાઈ માટે જ ઓપન થયેલું છે. સોનાબેનનાં વીલનાં આધારે માલિક થયેલા હોય તો તે મિલકતને કોઈપણ સંજોગોમાં વડીલો પાર્જીત મિલકત કહી શકાતી નથી. તેથી પણ દાવાવાળી મિલકતમાં વાદીને કોઈ હકક કે હિસ્સો ઉપસ્થિત થયેલો કહી શકાય નહિં. તેથી વાદીને દાવો કરવાનું કોઈ કારણ પ્રાપ્ત થઈ શકે નહિં, તેથી વણવહેંચાયેલો હિસ્સો છે કે કેમ, તેનો પણ પ્રશ્ન ઉપસ્થિત રહેતો જ નથી.

(૬.૬) વધુમાં, સી.પી.સી. ઓર્ડર–૯, રૂલ–૯ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો તેમાં પણ એવું સ્પષ્ટ છે કે જયારે દાવો ડીસમીસ કરવામાં આવેલો હોય ત્યારે તેજ કારણોસર નવો દાવો દાખલ થઈ શકે નહિં. અહિં હાલની દાવા અરજી અને ૨૦૧૦ ની સાલમાં સ્પે.દિ.મુ. નં.૧૭૯/૨૦૧૦ ની દાવા અરજી મહદઅંશે વિગતો એકસરખી છે. માત્ર મિલકતનું સ્ટેટસ એકમાં વડીલોપાર્જીત બતાવેલું છે જયારે બીજા દાવામાં વીલથી પ્રાપ્ત થયેલી મિલકત છે તેવું બતાવેું છે. તે સંજોગોમાં એકજ કારણોસર ફરીથી નવો દાવો દાખલ થઈ શકે નહિં તેવું માનું છું.

વધુમાં જયાં સુધી કોર્ટ ફી સ્ટેમ્પ ભરવાની બાબતને સંબંધ છે ત્યાં સુધી પ્રતિવાદી ની દલીલ સાથે હું સહમત નથી, કારણ કે જે વ્યકિત વેચાણ દસ્તાવેજના પક્ષકારો હોય અને તે વ્યકિત જો તે વેચાણ દસ્તાવેજને રદ ઠરાવવા માટે દાવો કરતી હોય ત્યારે વેચાણ દસ્તાવેજનાં મુલ્ય ઉપર કોર્ટ ફી સ્ટેમ્પ ભરવા પાત્ર છે. અહિં વાદી ૨૦૦૧ ની સાલનાંવેચાણ દસ્તાવેજમાં તથા ૨૦૦૫ ની સાલમાં થયેલા વેચાણ દસ્તાવેજમાં પક્ષકાર નથી. અને તેથી વાદીને વેચાણ દસ્તાવેજ બંધનકર્તા નથી તેટલી દાદ માંગેલી હોય તો તેને માટે કોર્ટ ફી સ્ટેમ્પ ભરવાની જરૂરીયાત નથી, તેથી અપુરતી કોર્ટ ફી છે તેવા કારણસર વાદીનો દાવો રદ કરી શકાય નહિં.

જયાં સુધી વેચાણ દસ્તાવેજને રદબાતલ ઠરાવવાની દાદને સંબંધ છે ત્યાં સુધી એક વેચાણ દસ્તાવેજ ૨૦૦૧ ની સાલનો છે. જયારે બીજા ચાર વેચાણ દસ્તાવેજ ૨૦૦૫ ની

સાલનાં છે. આ વેચાણ દસ્તાવેજોની જાણ વાદીને ૨૦૧૩ નાં અરસામાં થઈ તેવું આ દાવામાં જણાવે છે. પરંતુ સ્પે.દિ.મુ.નં.૧૭૯/૨૦૧૦ નાં દાવામાં આજ વાદીનું એવું કથન છે કે દસ્તાવેજો અંગેની જાણ તેને જુલાઈ–૨૦૦૯ નાં અરસામાં થઈ ચુકી છે. તેથી દસ્તાવેજો બંધનકર્તા નથી તેવી દાદ દસ્તાવેજની જાણ થયાનાં ત્રણ વર્ષનાં સમયગાળામાં માંગવી જોઈએ તેવી લીમીટેશન એકટની જોગવાઈ છે. અને તે ત્રણ વર્ષની સમય મર્યાદા આ દાવો દાખલ થયો ત્યારે પુરી થઈ ગયેલી ગણાય. કારણ કે વાદીનાં જ કથન મુજબ જુલાઈ–૨૦૦૯ નાં અરસામાં વાદીને મોડા માં મોડી જાણ હતી તે ૨૦૦૧ અને ૨૦૦૫ ની સાલમાં મિલકતનાં વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલા છે.

વધુમાં, પ્રતિવાદીની એવી તકરાર છે કે રેસ જયુડીકેટાનો વાદીનાં દાવાને બાધ નડે છે. મારૂ એવું માનવું છે કે રેસજયુડીકેટાનો બાધ વાદીનાં દાવાને નડતો નથી. કારણ કે સ્પે. દિ. મુ.નં.૧૭૯/૨૦૧૦ નો દાવો થયેલો હતો તેવું વાદીએ પણ આંક–૩૧ ની અરજીનાં જવાબમાં પરોક્ષ રીતે સ્વીકારેલું છે. પરંતુ સ્પે.દિ.મુ.નં.૧૭૯/૨૦૧૦ વાળો દાવો ગુણદોષ ઉપર નિર્ણિત થયો નથી. અને જયારે દાવો ગુણદોષ ઉપર મુદ્દો નિર્ણિત થયેલો હોય તો રેસ જયુડીકેટાનો બાધનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. કોર્ટમાં ઉપલબ્ધ ડી.સી.આઈ.એસ. સોફટવેરમાં તપાસ કરતાં એવું દેખાય છે કે સ્પે.દિ.મુ.નં.૧૭૯/૨૦૧૦ નો દાવો ડીસમીસ થયેલો છે. તેથી પણ રેસ જયુડીકેટાનો વાદીના દાવાને બાધ નડે છે તેવું કહી શકાય નહિં.

(૬.૭) ઉપરોકત જણાવેલા કારણોસર વાદીના દાવાને કોઝ ઓફ એકશન નથી તેવા કારણોસર રદ થવા પાત્ર છે તેવું મારૂ માનવું છે. અલબત્ત વહેંચણની દાદ મેળવવા માટે એટલે કે વણવહેંચાયેલો હિસ્સો પરત મેળવવા માટે વાદીને દાવો કરવા માટે કોઈ સમય મર્યાદા નથી. પરંતુ જયારે વાદીએ એક દાવો દાખલ કરેલો હોય અને તે દાવો ડીસમીસ થઈ ગયેલો હોય તેવી હકિકત છુપાવીને અથવા જાહેર ન કરીને નવો દાવો દાખલ કરેલો હોય તો સી.પી.સી. ઓર્ડર–૯ રૂલ–૯ ની જોગવાઈ મુજબ વાદીને બીજો દાવો કરવાનો કોઈ હકક નથી. અને ઉપર જણાવ્યુ તેમ વડીલોપાર્જીત મિલકત હોય તેવું વાદીનું માત્ર પ્લીડીંગ છે, હકિકતો કંઈ જુદી જ છે. અને મિલકત લખુભાઈએ પોતાની હયાતીમાં જ તબદીલ કરી દીધી છે, તેથી વાદીને દાવો કરવાનો કોઈ હકક,

અધિકાર નથી. તથા મિલકત વિલથી પ્રાપ્ત થઈ છે તેવું અગાઉનાં દાવાનું પ્લીડીંગ વિચારણામાં લઈએ તો સુખીબેનનું સકસેશન જ ઓપન થયું નથી અને સુખીબેનનું સકસેશન ઓપન થતા પહેલા જે મિલકત તબદીલ થઈ ચુકી છે. તે સંજોગોમાં પણ વાદીને દાવો કરવાનું કોઈ કારણ પ્રાપ્ત નથી. તેથી વેચાણ દસ્તાવેજ વોઈડ કે બંધનકર્તા નથી તેવી દાદ જે અત્રેનાં દાવામાં માંગેલી છે તેવી દાદ પણ ટાઈમ બાર્ડ થઈ ચુકી છે. કારણ કે જુલાઈ–૨૦૦૯ નાં અરસા માં વાદીને વેચાણ દસ્તાવેજની જાણ હતી જ. તે સંજોગોમાં વાદીનો દાવો સી.પી.સી. ઓર્ડર–૭ રૂલ–૧૧(એ) સાથે વાંચતાં (ડી) મુજબ રદ થવા પાત્ર છે, તેમ માનું છું.

(૭.૦) આ કામે વાદી તરફે રજુ થયેલા ચુકાદાનાં સિધ્ધાંતો ધ્યાને લીધા છે. જેમાં ક્રમ નં.૧ વાળા ચુકાદામાં એવું ઠરાવવામાં આવેલું છે કે સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧ ની અરજીનો નિર્ણય દાવા અરજીનાં પ્લીડીંગ પરથી જ કરવાનો હોય છે. જે બાબતે અગાઉ કારણોની ચર્ચા શરૂ કરતા પહેલાં જે નોંધ કરી છે તે મુજબ કારણોની ચર્ચા પણ કરી છે. અને વાદીનું પ્લીડીંગ વાંચવાનું હોય છે. પરંતુ જે હકિકત વાદીએ સ્વીકૃત રાખેલી છે અને જે કોઝ ઓફ એકશન નકકી કરવા માટે મહત્વની છે તે હકિકતો અને તેને સંલગ્ન દસ્તાવેજો અત્યારે વાદી રજુ ન કરે તો પણ તે કોર્ટ ધ્યાનમાં લઈ શકે છે તેવું હું માનું છું.

ક્રમ નં.૨ વાળો ચુકાદો સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧(ડી) માં બાર્ડ બાય લો નાં સંબંધમાં લીમીટેશનનો સમાવેશ થતો નથી તે બાબતે રજુ કરેલો છે. લીમીટેશનનો મુદૃો સામાન્ય રીતે હકિકત અને કાયદો બંને ઉપર આધાર રાખતો મુદૃો છે. પરંતુ સ્વીકૃત રહેલા દસ્તાવેજો જયારે સ્પષ્ટ રીતે એવું બતાવતા હોય કે કોઈ ચોકકસ હકિકતની એટલે કે હાથ ઉપરનાં કેસમાં ૨૦૦૧ અને ૨૦૦૫ ની સાલનાં દસ્તાવેજો થયા હોવાની જાણ વાદીને જુલાઈ–૨૦૦૯ નાં અરસામાં હતી તો તેવા સંજોગોમાં લીમીટેશનનો મુદૃો હકિકતોનો પુરાવા લીધા વિના પણ નકકી થઈ શકે તેવો મુદૃો છે.

ક્રમ નં.૪ અને ૫ વાળા ચુકાદાની ચર્ચા પણ ઉપર જે કારણોની ચર્ચા કરી છે તેમાં સમાવિષ્ટ થઈ જાય છે તેથી તેનું પુનરાવર્તન કરેલ નથી. ક્રમ નં.૬ વાળો ચુકાદો હકિકતો સંદર્ભે ભિન્ન સ્વરૂપનો છે. જેથી તેનાં સિધ્ધાંતો આ દાવામાં લાગુ પાડી શકાય તેમ નથી. ક્રમ નં.૭ નો

ચુકાદો પણ હકિકતોનાં આધારે ખુબ જ ભિન્ન છે તેથી વાદીને મદદરૂપ થતો નથી. ક્રમ નં.૧૦ વાળા ચુકાદાનાં સિધ્ધાંતો એવા છે કે પ્લીડીંગનો અમુક ભાગ માત્ર વાંચીને દાવો રદ કરી શકાય નહિં. પ્લીડીંગ સંપુર્ણ રીતે વાંચવું જોઇએ. જે સિધ્ધાંત માનસહ ધ્યાને લીધો છે.

(૮.૦) જયારે પ્રતિવાદી તરફે તેમની દલીલનાં સમર્થનમાં જે ચુકાદા રજુ કરેલા છે તે પૈકી બેચરભાઈ પટેલ અને કાનજીભાઈ પટેલસનાં કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે જે બે ચુકાદા આપેલા છે તે ચુકાદામાં એવું ઠરાવવામાં આવેલું છે કે રજીસ્ટર્ડ દસ્તાવેજની ડીમ્ડ નોટીસ ગણાય. વધુમાં આ કોર્ટ એવું માને છે કે જો વાદી વેચાણ દસ્તાવેજનો પક્ષકાર ન હોય તો તેને સામાન્ય સંજોગોમાં નોટીસ ન હોય, પરંતુ અહિં હાથ ઉપરનાં કેસમાં વાદીનાં અગાઉનાં દાવાનું પ્લીડીંગ જ એવું છે કે તેને વેચાણ દસ્તાવેજની જુલાઈ–૨૦૦૯ નાં અરસામાં જાણ થઈ ચુકી છે. અને વાદીએ રેવન્યુ રેકર્ડમાં પડેલી નોંધ રદ કરવા માટે ૨૦૧૦ માં થયેલા દાવામાં દાદ પણ માંગેલી છે. તે સંજોગોમાં કલેવર ડ્રાફટીંગ કરીને વાદીએ દાવો દાખલ કરેલો હોય તો તે દાવો શરૂઆતથી જ અટકાવવો જરૂરી છે. અને તેવું ન્યાયનાં હિતમાં કરવું જરૂરી પણ છે. તેથી પ્ર તિવાદી નં.૮ થી ૧૧ ની આંક–૩૧ ની અરજી મંજુર થવા પાત્ર છે તેમ માનું છું. અને નીચે મુજબનો આખરી હુકમ કરૂ છું.

:: હુકમ ::

(૧) આંક–૩૧ ની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) વાદીનો દાવો સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧(એ) મુજબ કોઝ ઓફ એકશન ન હોવાનાં કારણોસર તથા સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧(ડી) મુજબ વેચાણ દસ્તાવેજો રદ કે વોઈડ ઠરાવવાની સમય મર્યાદા પુરી થઈ ગઈ હોવાનાં કારણોસર અને સી.પી.સી. ઓર્ડર–૯, રૂલ–૯ ની જોગવાઈ મુજબ એકજ કારણસર નવો દાવો દાખલ કરવા માટે પ્રતિબંધ હોવાનાં કારણસર હાલનો દાવો રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) વાદી નં.૧ અને ૨ એ પ્રતિવાદી નં.૮ થી ૧૧ ને સંયુકત રીતે રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) કોસ્ટ તરીકે ચુકવવા.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ રોજ તા. ૨૭ મી માહે, સપ્ટેમ્બર, સને ૨૦૧૮ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૭ /૦૯/૨૦૧૮.
સુરત.

(વીરેન્દ્રસિંહ ગેમલસિંહ રણા)
૧૫ માં એડીશનલ સીનીયર સીવીલ જજ
સુરત. UID : GJ00964